તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 09-Nov-2024 બપોરે : 1.20થી 1.30

વાર : શનિવાર

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- ✓ મહારાષ્ટ્રના અકોલોમાં ચૂંટણી સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ ગરીબોને પાકુ ઘર આપવામાં આવશે તેમ જણાવ્યું
- ✓ ઝારખંડના મુખ્યમંત્રીના નજીકના ગણાતા સુનિલ શ્રીવાસ્તવના ઘરે આવકવેરા વિભાગના દરોડા
- ✓ ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદમાં પાર્ક કરેલા વાહન સાથે બસ અથડાતા પાંચના મોત
- ✓ પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં રેલવે સ્ટેશન નજીક વિસ્ફોટમાં 24 લોકોના મોત અને 40થી વધુ ઇજાગ્રસ્ત
- ✓ ઉત્તરાખંડના સ્થાપનાના રજત જયંતી દિવસ નિમિત્તે ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને અમિત શાહે શુભચ્છાઓ પાઠવી
- ✓ ભારતના પંકજ અડવાણી દોહામાં રમાઇ રહેલી વિશ્વ બિલિયર્ડસની ફાઇનલમાં પહોંચ્યા

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PM MAHARASTRA - ZARKHAND ELECTION SABHA*

મહારાષ્ટ્રમાં 20 નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચાર કરી રહ્યાં છે. આ પ્રચાર અંતર્ગત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રનાં  અકોલામાં જાહેર સભાની સંબોધી હતી તેમણે સભાને સંબોધતા કહ્યું હતું કે છેલ્લા બે કાર્યકાળ દરમિયાન સરકારે ચાર કરોડ પાકા મકાનો બનાવીને લોકોને ઘરનુ ઘર આપ્યું છે.. તેમણે દરેક ગરીબને પાકું મકાન આપવાનું વચન પણ આપ્યું હતું.. તેમણે વિપક્ષો પર પ્રહારો પણ કર્યા હતા.

મહારાષ્ટ્રની સાથે 81 બેઠકોની ઝારખંડ વિધાનસભાની ચૂંટણી આ મહિનાની 13મી અને 20મી તારીખે બે તબક્કામાં યોજાશે . ત્યારે તમામ પાર્ટીઓ જોરશોરથીપ્રચાર કરી રહી છે.  ચૂંટણી પ્રચાર માટે આજે  ગૃહ મંત્રી અમિત શાહ ઝારખંડના જમશેદપુરમાં છતરપુર, હજારીબાગ અને પોટકા વિધાનસભા મતવિસ્તારમાં જાહેર સભાઓને સંબોધશે. તેઓ જમશેદપુર પશ્ચિમ વિધાનસભા ક્ષેત્રમાં રોડ શો પણ કરશે. બીજી તરફ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ધનબાદ જિલ્લાના બાઘમારા વિધાનસભા ક્ષેત્ર અને પૂર્વ સિંઘભૂમ જિલ્લાના જમશેદપુરમાં ચૂંટણી સભામાં  સંબોધશે.  ઝારખંડ મુક્તિ મોરચાના નેતા અને મુખ્યમંત્રી હેમંત સોરેન રાંચી, ખરસાવા અને મંદાર મતવિસ્તારમાં અનેક સભાઓ યોજશે.  આ ઉપરાંત આરજેડી, એજેએસયુ, અને ડાબેરી પક્ષોના નેતાઓ પણ રાજ્યના વિવિધ ભાગોમાં ચૂંટણી રેલીઓને સંબોધિત કરશે.

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MAHA ELECTION AWERNESS*

મહારાષ્ટ્ર ચૂંટણી તંત્રે મુંબઈના ગેટવે ઑફ ઈન્ડિયાથી મતદાર જાગૃતિ કાર્યક્રમ શરૂ કર્યો હતો. રોહિત શેટ્ટી, અજિંક્ય રહાણે અને ટ્રાન્સજેન્ડર ગૌરી સાવંતની આગેવાનીમાં મુખ્ય ચૂંટણી કમિશનર દ્વારા મતદાન જાગૃતિ જુમ્બેશ શરૂ કરાઈ હતી. આ અભિયાન હેઠળ મતદાર જાગૃતિ વાન, 15 જિલ્લાઓમાં પ્રવાસ કરશે, જેમાં 133 જેટલા ઓછા મતદાનવાળા વિસ્તારોને આવરી લેવામાં આવશે. આ વાન મતદાન પ્રક્રિયાઓ, મતદાન મથકના સ્થાનો, આદર્શ આચાર સંહિતા અને કોઈપણ ઉલ્લંઘન માટે ફરિયાદ કેવી રીતે નોંધાવવી તે અંગેની વિગતોનું માહિતી આપશે.

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *PM RATAN TATA*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, સાચું નેતૃત્વ માત્ર વ્યક્તિની સિદ્ધિઓથી નહીં પરંતુ સૌથી વધુ નબળા લોકોની સંભાળ રાખવાની ક્ષમતા દ્વારા મપાય છે તે બાબત ઉદ્યોગપતિ અને પરોપકારી રતન ટાટાનુ જીવન યાદ અપાવે છે.. એક રાષ્ટ્રીય દૈનિકમાં શ્રી મોદીએ જણાવ્યું હતું કે, રતન ટાટાની ચિરવિદાયને એક મહિનો થઈ ગયો છે પરંતુ તેમની ગેરહાજરી માત્ર રાષ્ટ્રમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં સમાજના દરેક વર્ગમાં ઊંડે ઉંડે અનુભવાય છે.

પ્રધાનમંત્રી કહ્યું કે, રતન ટાટાએ જે જીવનને સ્પર્શ્યું હતું અને જે સપનાઓને તેમણે પોષ્યા તેમાં જીવંત છે. તેમણે કહ્યું, અનુભવી ઉદ્યોગપતિઓ, ઉભરતા ઉદ્યોગસાહસિકો અને મહેનતુ વ્યાવસાયિકો તેમની ખોટ પર શોક વ્યક્ત કરે છે. તેમણે કહ્યું હતું કે રતન ટાટા યુવાનો માટે પ્રેરણાસ્રોત હતા અને એ યાદ અપાવે છે કે સપનાઓ અનુસરવા યોગ્ય છે અને સફળતા કરુણા તેમજ નમ્રતા સાથે રહી શકે છે. તેમણે ભારતીય એન્ટરપ્રાઇઝની શ્રેષ્ઠ પરંપરાઓ અને અખંડિતતા, શ્રેષ્ઠતા અને સેવાના મૂલ્યો પ્રત્યે અડગ પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *JHARKHAND- INCOME TAX RAID*

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનના નજીકના સાથી સુનીલ શ્રીવાસ્તવના ઘરે આવકવેરા વિભાગ દરોડા પાડ્યા હતા. શ્રીવાસ્તવ સાથે જોડાયેલા રાંચી અને જમશેદપુરના નવ અલગ-અલગ સ્થળો પર તપાસ કરવામાં આવી રહી છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *FIROZABAD ACCIDENT*

ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદ જિલ્લામાં આગરા-લખનૌ એક્સપ્રેસવે પર પાર્ક કરેલા વાહન સાથે બસ અથડાતાં 5 લોકોનાં મોત અને અન્ય ઇજાગ્રસ્ત થયા છે. પોલીસ અધિક્ષક અખિલેશ ભદોરિયાના જણાવ્યા અનુસાર, બસ મથુરાથી લખનૌ જઈ રહી હતી ત્યારે આગ્રા-લખનૌ એક્સપ્રેસ વે પર થાના નસીરપુર પાસે અકસ્માત થયો હતો.

માહિતી મળતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઇજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે.

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *BALOCHISTAN- BLAST*

પાકિસ્તાનના, બલૂચિસ્તાનમાં ક્વેટા રેલ્વે સ્ટેશન નજીક વિસ્ફોટમાં ઓછામાં ઓછા 24 લોકોના મોત અને 40થી વધુ ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. વિસ્ફોટ સમયે પ્લેટફોર્મ પરથી એક ટ્રેન પેશાવર જવા રવાના થવાની હતી. પોલીસ અને બચાવ ટુકડીઓ હાલ ઘટના સ્થળે છે.

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *MID BREAK- NEWS- NATIONAL*

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો...**

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *REV. CHHATTISGARH-MAOISTS*

છત્તીસગઢમાં ગઇકાલે સુરક્ષા દળો સાથેની અથડામણમાં ત્રણ માઓવાદીઓ માર્યા ગયા હતા. CRPFની કોબ્રા બટાલિયન અને ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ-DRGની સંયુક્ત ટીમ બીજાપુર જિલ્લાના ઉસુર-બાસાગુડા-પામેડ વિસ્તારમાં માઓવાદીઓની હાજરી વિશે ગુપ્ત માહિતી પ્રાપ્ત કર્યા પછી સર્ચ ઓપરેશન કરી રહી હતી.

ઓપરેશન દરમિયાન રેકાવાયાના જંગલમાં એન્કાઉન્ટર થયું હતું. સુરક્ષા દળોએ માર્યા ગયેલા માઓવાદીઓના મૃતદેહ કબજે કર્યા છે. આ સિવાય ઘટનાસ્થળેથી એક સેલ્ફ લોડિંગ રાઈફલ-SLR, એક સ્નાઈપર રાઈફલ અને ત્રણ અન્ય રાઈફલ્સ સાથે મોટી સંખ્યામાં અન્ય હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. આ વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન યથાવત છે.

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *VP-PM-AMIT SHAH-UTTARAKHAND DAY*

ઉત્તરાખંડના સ્થાપનાના રજત જયંતિ દિવસ નિમિત્તે ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી અમિત શાહે શુભેચ્છાઓ પાછવી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી ધનખડે કહ્યું કે હિમાલયના ઉચ્ચ શિખરોથી લઈને માતા ગંગાના પવિત્ર કિનારા સુધી, દેવભૂમિ ઉત્તરાખંડ શરૂઆતથી જ સુંદરતા અને આધ્યાત્મિકતાથી સમૃદ્ધ છે. ઉપરાષ્ટ્રપતિએ શુભેચ્છા પાઠવી હતી કે રાજ્ય ભવિષ્યમાં સમૃદ્ધ થાય અને પ્રગતિ અને વિકાસના પંથે આગળ વધે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકાસના ક્ષેત્રમાં ઉત્તરાખંડની મહત્વપૂર્ણ સિદ્ધિઓની પ્રશંસા કરી અને કહ્યું કે રાજ્ય વિવિધ ક્ષેત્રોમાં અગ્રેસર ભૂમિકા ભજવી રહ્યું છે. ઉત્તરાખંડના 25મા સ્થાપના દિવસ પર આજે રાષ્ટ્રને વર્ચ્યુઅલ રીતે સંબોધિત કરતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આજે ઉત્તરાખંડની રજત જયંતી ઉજવણીની શરૂઆત છે.

પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ઉત્તરાખંડના લોકોએ રાજ્યના ઉજ્જવળ ભવિષ્ય માટે આગામી 25 વર્ષની સફર શરૂ કરવાની છે. તેમણે આગામી 25 વર્ષમાં વિકસિત ભારત માટે વિકસિત ઉત્તરાખંડના સંકલ્પને પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે વધુમાં કહ્યું કે કેન્દ્ર સરકાર રાજ્યના વિકાસને સુનિશ્ચિત કરવા માટે કોઈ કસર છોડી રહી નથી.

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ઉત્તરાખંડના સ્થાપના દિવસ નિમિત્તે ઉત્તરાખંડના નાગરિકોને શુભેચ્છા પાઠવી. સોશિયલ મીડિયા પરના તેમના સંદેશમાં, શ્રી શાહે કહ્યું કે ઉત્તરાખંડ કુદરતી સૌંદર્ય અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાની ભૂમિ છે.

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *BILLIARDS- IBSF*

ભારતના પંકજ અડવાણી કતારના દોહામાં IBSF વિશ્વ બિલિયર્ડ્સની ફાઇનલમાં પહોંચી ગયા છે.

ગઈ કાલે સેમિફાઈનલમાં તેમણે ભારતના સૌરવ કોઠારીને 4-2થી હરાવ્યા હતા. સૌરવને કાંસ્ય ચંદ્રકથી સંતોષ માનવો પડ્યો હતો. ફાઇનલમાં 27 વખતના વિશ્વ ચેમ્પિયન પંકજ અડવાણીનો મુકાબલો ઇંગ્લેન્ડના રોબર્ટ હોલ સામે થશે. રોબર્ટ હોલે સિંગાપોરના પીટર ગિલક્રિસ્ટને 4-1થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *HARSH MALHOTRA-RUN FOR INCLUSION*

રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે રાજ્ય મંત્રી હર્ષ મલ્હોત્રાએ ભાજપના સાંસદો મનોજ તિવારી અને બાંસુરી સ્વરાજ સાથે આજે નવી દિલ્હીમાં 'રન ફોર ઈન્કલુઝન' મેરેથોનનો આરંભ કરાવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન સ્પેશિયલ ઓલિમ્પિક્સ ભારત દ્વારા કરવામાં આવ્યું હતું, જે માનસિક વિકલાંગતા ધરાવતા એથ્લેટ્સ માટે રમતને પ્રોત્સાહન આપતા રાષ્ટ્રીય રમતગમત સંઘ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ મહિનાની 18મીથી 23મી તારીખ દરમિયાન નવી દિલ્હીમાં સ્પેશિયલ ઓલિમ્પિક્સ એશિયા પેસિફિક બોક્સ અને બોલિંગ કોમ્પિટિશન યોજાઇ રહી છે. આ કાર્યક્રમ અગાઉ એક માહોલ સર્જવાના પ્રયાસના ભાગરૂપે આ દોડ યોજાઇ હતી... જેમાં સમગ્ર દિલ્હી એનસીઆરમાંથી લોકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

તા. 09-Nov-2024

સમય : બપોરે 1.20(નેશનલ)

# *INDIA NEPAL MOU*

નેપાળ અને ભારત વચ્ચે બે આંતરરાષ્ટ્રીય ટ્રાન્સમિશન લાઇન પર એક સૈદ્ધાંતિક કરાર થયો છે. નવી દિલ્હીની ત્રણ દિવસની મુલાકાત પૂર્ણ કરીને પરત ફરેલા ઉર્જા મંત્રી દીપક ખડકાએ, આ માહિતી આપી હતી.

તેમણે કહ્યું કે, નેપાળમાં ઈનરૂવા અને ભારતમાં પૂર્ણિયાને જોડતી 400 કેવી ટ્રાન્સમિશન લાઇન અને સમાન ક્ષમતાની લમકી-બરેલી ટ્રાન્સમિશન લાઇન માટે રોકાણના ફોર્મેટ પર બંને દેશો વચ્ચે સૈદ્ધાંતિક કરાર થયો છે. ઇનારુવા-પૂર્ણિયા ટ્રાન્સમિશન લાઇનને 2027-2028 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. લમકી (દોધરા) - બરેલી 400 કેવી ટ્રાન્સમિશન લાઇનને 2028-2029 સુધીમાં પૂર્ણ કરવા માટે પણ સંમત થયા છે.

નેપાળ આ બંને ટ્રાન્સમિશન લાઇનને ન્યુ બુટવાલ-ગોરખપુર ટ્રાન્સમિશન લાઇનના ભારતીય વિભાગની તર્જ પર બનાવવાની દરખાસ્ત કરી રહ્યું હતું. તેમણે કહ્યું કે તેમણે નવી દિલ્હીમાં ભારતીય મંત્રી મનોહર લાલ સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી. ખડકાએ કહ્યું કે, નેપાળ ઈલેક્ટ્રીસિટી ઓથોરિટી અને પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા આના પર સાથે મળીને કામ કરશે.